# પ્રેમાનંદ સ્વામી લેખન

# અક્ષરના વાસી વહાલો

અક્ષરના વાસી વહાલો, આવ્યા અવનિ પર,
નવખંડ ધરતીમાં સ્વામી, છતરાયા ચાલે રાજ... અક્ષર ટેક

અવનિ પર આવી વહાલે, સત્સંગ સ્થાપ્યો,
હરિજનોને કોલ, કલ્યાણનો આપ્યો રાજ... અક્ષર ૧

પાંચે વર્તમાન પાળે, બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગાથે કીધી, સાચી સગાઈઓ રાજ... અક્ષર ૨

બાઈઓ દેખીને ભાઈઓ, છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની, હાથે નવ ઝાલે રાજ... અક્ષર ૩

દેવના દેવ વહાલો, ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ, સહજાનંદ સ્વામી રાજ... અક્ષર ૪

પ્રેમાનંદના સ્વામી, આનંદકારી,
પોતાના જનની વા'લે, લાજ વધારી રાજ... અક્ષર ૫

# અધમ ઉધ્ધારણ એવું પોતાનું નામ

અધમ ઉધ્ધારણ એવું, પોતાનું નામ,
સત્ય કર્યું આજ, શ્રી ઘનશ્યામ રાજ... અધમ ૧

જીવને શિવ કર્યા, અવિદ્યા ટાળી,
પ્રૌઢ પ્રતાપ જણાવી, હદ વાળી રાજ... અધમ ૨

વિના સાધને સિધ્ધ, દશા પમાડી,
સૌથી પોતાની રીત, ન્યારી દેખાડી રાજ... અધમ ૩

રવિ આગે શશી, તારા ન ભાસે,
મતપંથ તેમ, શ્રી હરિ પાસે રાજ... અધમ ૪

પ્રેમાનંદનો સ્વામી, પૂરણ પ્રતાપી,
પોતાના જનને સ્થિતિ, અલૌકિક આપી રાજ... અધમ ૫

# આજ વસંત પ્રથમ દિન

આજ વસંત પ્રથમ દિન આવ્યો, સહુ જનને સુખકારી;
છૂટી લાજ આજથી સજની, ઊપજ્યો આનંદ ભારી... ૧

વન તરુ લતા વેલી પ્રેમાતુર, નવ પલ્લવ થઈ સારી;
કુંજ કુંજ પ્રતિ કોકિલા સુંદર, બોલત વસંત ખુમારી... ૨

શ્રી ઘનશ્યામ પિયા સંગ રમવા, અતિ આતુર વ્રજનારી;
અંગો અંગ ફૂલી સહુ અબળા, નૌતમ નેહ વધારી... ૩

રચ્યો મનોરથ રમવા સારુ, થઈ તરુણી સહુ ત્યારી;
તન મન ધન ઘનશ્યામ છબી પર, પ્રેમાનંદ બલિહારી... ૪

# આજ સફલ થઈ આંખડી

આજ સફલ થઈ આંખડી, જોઈ છબી સુખકારી;
શોભા શ્રી ઘનશ્યામની, ત્રિભુવનથી ન્યારી... ટેક

ભાલ વિશાળમાં શોભતી, કેસર કેરી આડ;
ચાંદલિયો કંકુ તણો, જોયા કેરી ચાડ... ૧

ભ્રકુટી વાંકી નાસા નમણી, લોચન રંગચોળ;
શોભે છે ચિત્તડું ચોરતાં, રૂડાં કરણ કપોલ... ૨

નાની નાની મુહર ફૂટતી, અધરબિંબ રૂડા;
હસતું વદન જોઈ જીવમાં, ઘાટ નવ થયો કૂડા... ૩

ચિબુક તણી શોભા ઘણી, કંઠ કંબુ સમાન;
ઉન્નત ઉર છબી નીરખે, પ્રેમાનંદ ધરી ધ્યાન... ૪

# આજે હરિ દેખ્યા રે

આજે હરિ દેખ્યા રે હસતા,
મારા મંદિરિયામાં વસતા... આજે ટેક
[ક્યારે હવે દેખું રે હરિ હસતા]

જરકસિયા જામા પહેરીને,
ગૂઢો રેંટો કટિ કસતા... આજે ૧

ફૂલડામાં ગરકાવ થઈને,
અત્તરમાં મસમસતા... આજે ૨

મુનિવર સારુ રસોઈ કરાવીને,
પંગતમાં પીરસતા... આજે ૩

પ્રેમાનંદ આગે ગાયે ત્યારે,
આવે ઓરા ઓરા ખસતા... આજે ૪

# આવતા ક્યોં નહીં વે

આવતા ક્યોં નહીં વે સામલડા,
આવતા ક્યોં નહીં વે યાર... આવતા ટેક

જામા પે'રી જરીંદા બાંધી,
પગીયાં પેચોંદાર વે;
હસતાં હસતાં સુંદર વદન,
દેખાવતા ક્યોં નહીં વે યાર... આવતા ૧

હમરી અલિયાં ગલિયાં ભૈયા [મૈયા],
સાંજ સવાર કનૈયા વે;
મધુરે મધુરે સ્વર મોહન બંસુરી,
બજાવતા ક્યોં નહીં વે યાર... આવતા ૨

એક અચ્છી તાન ગાઓ પ્યારે,
દિલ ખુશ હોય હમારા વે;
પ્રેમાનંદ કહે બંસી નેક,
સુનાવતા ક્યોં નહીં વે યાર... આવતા ૩

# આવો આવો શ્રીજી સ્વામી

આવો આવો શ્રીજી સ્વામી આવો, આવીને મારે મંદિર પધારો;
મંદિર પધારો મારો જનમ સુધારો... ટેક

જરકસી જામો પહેરી, સુંદર સુરવાળ પહેરી;
પાવમાં હું મોજડી પહેરાવું, આવીને મારે મંદિર પધારો... આવો આવો ૧

માથે મુગટ મૂકી, મોતી તોરા રહ્યાં ઝૂકી;
ભાલમાં હું ચાંદલો કરાવું, આવીને મારે મંદિર પધારો... આવો આવો ૨

કાનમાં કુંડળ પહેરી, કંઠમાં માળા પહેરી;
ગળામાં હાર હું પહેરાવું, આવીને મારે મંદિર પધારો... આવો આવો ૩

સહજાનંદ આવો, તમે ગુણાતીત આવો;
શાસ્ત્રીજી મહારાજ આવો, તમે યોગીજી મહારાજ આવો... આવો આવો ૪

પ્રમુખસ્વામી આવો, તમે અક્ષર મુક્તો આવો;
પ્રેમે કરી આરતી ઉતારું, આવીને મારે મંદિર પધારો... આવો આવો ૫

# આવો મારા મીઠડા બોલા માવ

આવો મારા મીઠડા બોલા માવ, વા'લમ વહાલા લાગો રે ટેક

વા'લમ મુજને વહાલા લાગો બહુ, નટવર સુંદર નાવ;
હેત કરી હૈયા પર રાખું, રસિયા જાદવરાવ... આવો ૧

પલંગ ઉપર પધરાવું પ્યારા, દૂધડે પખાળું પાવ;
ભૂધર ભેટું પ્રેમ કરી મારે, ઘણા દિવસનો ભાવ.. આવો ૨

કેસર ચંદન ચરચી કરું, હું તો ફૂલડાંમાં ગરકાવ;
આંખલડીથી અળગા ન મેલું, શોભાના દરિયાવ... આવો ૩

જેમ રાજી રહો તેમ કરું હરિ, ન જોઉં ન્યાય અન્યાય;
પ્રેમાનંદના નાથજી તમ પર, પ્રાણ કરું ન્યોછાવ... આવો ૪

# આવો રાખું રે નેણામાં

આવો રાખું રે નેણામાં ચોરી,
તારી મૂર્તિ મારે જીવન દોરી... ટેક

હું તો હીંડું રે હરિ તમને જોતી,
કરી રાખું મારી નથડીના મોતી... **૧**

હું તો મોહી રે મોહન તમ સાથે,
કરી બાજુ કાજુને બાંધુ હાથે... **૨**

વહાલા લાગો રે, વહાલમ ગિરિધરિયા,
મારા ઉર આભૂષણ નવસરિયા... **૩**

પ્રેમાનંદના રે સ્વામી છો લે'રી,
મારાં રૂપ જોબન ગુણ વારું ફેરી... **૪**

# આવ્યો શ્રાવણ માસ અનૂપ

આવ્યો શ્રાવણ માસ અનૂપ, હિંડોળો માચ્યો રે;
જોઈ રાજી થયો મહેશ, તાંડવ નાચ્યો રે... ટેક

એ... શ્રાવણ ઋતુ રળિયામણી રે, બોલે દાદુર મોર;
વીજલડી ચમકા કરે, વરસે ગરજે ગગન ઘનઘોર... જોઈ ૧

એ... કિટ મુગટ કટિ કાછની રે, કરણે કર્ણિકાર;
મુખ મરકલડો જોઈને, મોહ્યો રતિ વનિતા ભરતાર... જોઈ ૨

એ... હીરામણી હેમે જડ્યાં રે, પચરંગી રત્ન પ્રવાલ;
ગજ મોતીવર પોખરા, શોભે પન્ના પિરોજા લાલ... જોઈ ૩

એ... હિંડોળે હરખે ભર્યા રે, ઝૂલે શ્રી ઘનશ્યામ;
પ્રેમાનંદ જોઈ નાથને થયો પાવન પૂરણકામ... જોઈ ૪

# ઓરા આવો છેલ

ઓરા આવો છેલ તમારું છોગલું જોઉં રે,
છોગલું જોઉં રે છેલા મારા મનમાં પ્રોઉં રે... ટેક

છોગલું તારું અટક્યું મારા ઉરમાં આવી રે,
મોહન તારી મૂરતિ મારા મનમાં ભાવી રે... ઓરા ૧

મુખતણે મરકલડે મુને ઘેલડી કીધી રે,
સામું જોઈ તમે શામળા શુધ બુધ લીધી રે... ઓરા ૨

શુધ ભૂલી શરીરની દિલ ક્યાંઇ ન ગોઠે રે,
મનડું વીંધ્યું માહેરું નેણાની ચોટે રે... ઓરા ૩

એટલું તો હવે કરજો માણીગર માવા રે,
પ્રેમાનંદનાં નેણમાં રહો આવા ને આવા રે... ઓરા ૪

# ઓરા આવો શ્યામ સનેહી

ઓરા આવો શ્યામ સનેહી, સુંદર વર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા... ૧

ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સૂરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા... ૨

અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મન વૃત્તિ મારી વ્હાલા... ૩

પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા... ૪

અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા... ૫

જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુધ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા... ૬

અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા... ૭

ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા... ૮

જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા... ૯

એ જ અંગૂઠાની બા'રે [સમે], તિલ એક નૌતમ ધારું વ્હાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા... ૧૦

# કીજીએ ધ્યાન શ્રીધર્મના કુંવરનું

કીજીએ ધ્યાન શ્રીધર્મના કુંવરનું, સર્વ પહેલાં ઊઠી પ્રાતકાળે;
નીરખીએ રૂપ નખશિખ મહારાજનું, વાસના અશુભ તત્કાળ ટાળે... ૧

સંત હરિભક્ત સૌ ઊંઘ આળસ તજી, ચિંતવીએ ચરણ અતિ પ્રીત આણી;
નીરખીએ નખમણિ સીમા શોભાતણી, દુર્લભ દેવને એમ જાણી... ૨

જમણા તે ચરણના અંગુઠા ઉપરે, નખમાંહી ચિહ્ન તે જોઇ રે'વું;
ચિહ્ન પર રક્ત રેખા અતિ શોભતી, મન તેમાં લઈ પ્રોઇ દેવું... ૩

અંગૂઠા આંગળિયું ઉપરે કેશ છે, સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીનાં;
અંગૂઠા પાસની આંગળીએ તિલ છે, પ્રેમાનંદની જોયેલ આંખડીનાં... ૪

# કેમ ભૂલું નાથ મારા

કેમ ભૂલું નાથ મારા, પ્રગટ રૂપ કળી ગયો;
શરણે રાખો જો મને તો, સફળ જન્મ મારો થયો... ૧

વલખાં ઘણાં મેં માર્યાં, પ્રગટ હરિ મળવા કારણે;
જ્યાં ગયો ત્યાં લૂખું ભાળું, દર્શન વિના તલસી રહ્યો... ૨

મોહ મારો ભાંગિયો, હવે આપમાં વળગી રહ્યો;
હવે વળી છે શાંતિ મુજને, દર્શનથી સુખિયો થયો... ૩

નવ ઓળખ્યા જો હોત તો, જીવતર બધું એળે જ હતું;
હરિ હરિના સંગ મળતાં, આ ફેરે ફાવી ગયો... ૪

એ વિના નવ ભક્તિ થાયે, ભાખિયું વચનામૃતમાં;
પ્રગટ હરિ કાં સંત મળતાં, જીવ ભક્ત ત્યારે થયો... ૫

# કેમ ભૂલું નાથ મારા સ્વસ્રૂપ

કેમ ભૂલું નાથ મારા, સ્વસ્રૂપ જે મુજને મળ્યું;
સર્વોપરી જાણ્યા હરિ મેં, કાર્ય મારું તો સર્યું... ૧

રખડતો ભવબંધનમાં આવી અચાનક ભેટિયાં;
સંકલ્પ મારા સિધ્ધ કીધા, કેમ કરી જાણે કળું... ૨

ગણતીમાં આવ્યા હવે, હું દાસ જાણી ઉગારજો;
માફ કરજો વાંક મારો, તવ ચરણથી નવ ચળું... ૩

લઈ ધામ અક્ષર આવિયા, હરિ સંત તે મુજને મળ્યા;
ભાળું સ્વસ્રૂપ પ્રગટ જેથી, દુઃખ મારાં સર્વે ટળ્યાં... ૪

ઇચ્છું સેવા નિજ ચરણની, ધામ અક્ષરમાં રહી;
હરિ અમને આપજો એ, સંત સમાગમમાં ભળું... ૫

# ગુનસાગર ઘનશ્યામજી

ગુનસાગર ઘનશ્યામજી સુખસાગર જેહી નામ,
જપત નામ નર પાતકી હોત હૈ પૂરન કામ... ગુનસાગર ટેક

ભુવિ રજકન કોઉ ગિનેં બરખા બુંદ ગિનાય,
તારનકી ગિનતી કરે પન હરિગુન ગિનેઉં ન જાય... ગુનસાગર ૧

ચરિત્ર કિયે મહારાજને અવની ઉપર આય,
લિખતેં હારી શારદા સહસ્ત્ર બદન નિત ગાય... ગુનસાગર ૨

ચ્યાર બરન આશ્રમ ચહુ પશુ પક્ષી પરજંત,
ભૂત પ્રેત આદિ સબે તારે જીવ અનંત... ગુનસાગર ૩

દરસ પરસ દેકે હરિ ફલ જલ પત્ર લે હાર,
પ્રેમાનંદ કિયે નાથને અનંત જીવ ભવપાર... ગુનસાગર ૪

# ગુરુ પરમેશ્વર રે

ગુરુ પરમેશ્વર રે, જે સેવે સાચે મને;
ઓળખીને અરપે રે, મન કર્મ વચને તન ધનને.. ૧

કપટ ન રાખે રે, શુધ્દ્ ભાવે મહિમા જાણે;
હરિ વિના બીજી રે, કે મનમાં ઇચ્છા નવ આણે.. ૨

વચન પ્રમાણે રે, વરતે તે હરિજન કા'વે;
ભવસાગરમાં રે, તે ફરવા પાછો નવ આવે.. ૩

મનના મનોરથ રે, સરવે તેના શ્રીહરિ પૂરે;
પ્રેમાનંદ કહે રે, તેને હરિ હજૂર રહે.. ૪

# ગોવિંદ થારા ગજરા દેખ

ગોવિંદ થારા ગજરા દેખ,
ભૂલ ગઈ કજરા.. ટેક

ભૂલ ગઈ કજરા ઔર અંગ આભૂષણ,
નાથ થાને નિરખ્યા ભરી નજરા.. ૧

ગજરા મેં ગુલતાન હોઈ છું,
દેખી થારા બાજુબંધ બજરા.. ૨

હાર તો હજારો થારો ગુચ્છ ગુલાબી,
તોરા થારા પાઘમાંહી અજરા.. ૩

શામળિયા સરદાર છો મારા,
પ્રેમાનંદ કરે થાને મજરા.. ૪

# ઘનશ્યામ નામને હું જાઉં વારણે

ઘનશ્યામ નામને હું જાઉં વારણે જો,
પુરુષોત્તમ પ્રગટ્યા અમ કારણે જો... ઘનશ્યામ ૧

આવ્યા દીન તણાં દુઃખ કાપવા જો,
નિજ જનને વાંછિત સુખ આપવા જો... ઘનશ્યામ ૨

આવ્યા અધર્મનાં મૂળ ઉખાડવા જો,
કળિમળ રૂપ મતને પાછો પાડવા જો... ઘનશ્યામ ૩

ધરી મૂર્તિ મુનિ મનમોહની જો,
જાદુગારી વહાલાજીની જોહની જો... ઘનશ્યામ ૪

વશીકરણ ભર્યાં એનાં વેણ છે જો,
સ્નહ કરુણાભર્યાં એનાં નેણ છે જો... ઘનશ્યામ ૫

અધમ ઓધારણ ભક્તવત્સલ ટેક છે જો,
પ્રેમાનંદના સ્વામી એવા એક છે જો... ઘનશ્યામ ૬

# ઘનશ્યામ પૂરણ કામ પર

ઘનશ્યામ પૂરણ કામ પર,
કરું તન મન કુરબાણ રે... ટેક

શ્યામ છોગાળો મોતિયાંવાળો,
મારો જીવન પ્રાણ રે;
નટવર નાગર સુખનો સાગર,
સુંદર શ્યામ સુજાણ રે... ઘનશ્યામ ૧

ધર્મનો કુંવર ડોલરિયો,
મારો દિલડાંનો દીવાણ રે;
દીનબંધુની દાસી છું હું તો,
દામ વિનાની વેચાણ રે... ઘનશ્યામ ૨

મીઠડા બોલા માવ સાથે,
મારે આગેની ઓળખાણ રે;
અંતરજામી આવી મળ્યા મને,
આપો આપ નારાણ રે... ઘનશ્યામ ૩

જેમ રાખે તેમ રહું હું,
એની મરજીને પરમાણ રે;
પ્રેમાનંદના નાથ સાથે,
મારે થઈ અતિ સુવાણ રે... ઘનશ્યામ ૪

# જય જય જય ઘનશ્યામ

જય જય જય ઘનશ્યામ તુમારી
બહે જાત, ભવ વિખ્મધાર માંહિ
  બાંહ પકરી કે લિયે હૈ નિકારી... ટેક

દે વિજ્ઞાન વિમલ મતિ કીની,
  દીની ભક્તિ દશરૂપ પ્રકારી,
કરી સેવક સેવા મહીં રાખે,
  દીન બંધુ ત્રયતાપ નિવારી
કામ ક્રોધ અહંકાર માન મદ,
  લોભ મોહ કે મૂલ ઉખારી... ૧

નિજ જન ભાવ સિંઘાસન બૈઠે,
  પાવન સ્વજસ છત્ર શિર છાજ,
પ્રેમ ચંવર ઢોરત નિજ સેવક,
  શોભિત સુરનર મુનિ શિરતાજ,
પ્રેમાનંદ શરણાગત વત્સલ,
  જય જય કૃષ્ણ ગરીબ નિવાજ... ૨

# જી રે કુંવરીએ કૃષ્ણજીને કહાવિયું

જી રે કુંવરીએ કૃષ્ણજીને કહાવિયું,
અલબેલા ઉતાવળો આવ,
મુખડું જોઈને સુખ ઉપજે... ટેક

જી રે આવડી તે વાર તમને ક્યાં થઈ,
સુંદરવર નટવર નાવ... ૧

જી રે વાટડી જોઉં ઊભી ક્યારની,
કેસરિયા વર તારે કાજ... ૨

જી રે રાતદિન રટના લાગી રહી,
મારાં નેણ સફળ કરો રાજ... ૩

જી રે દીન જાણીને દયા આણજ્યો,
હું તો દાસી ચરણની નાથ... ૪

જી રે માળા રટું તારા નામની,
લળી લળી લાગું તારે પાય... ૫

જી રે વિઠ્ઠલ આવો ઉતાવળા,
હરી ગ્રહણ કરો મારો હાથ... ૬

જી રે સંભારતાં સમાચાર આવિયા,
આવી કેસરિયા કુંવરની જાન... ૭

જી રે પ્રેમાનંદ કહે પ્રભુજી પધારિયા,
આવ્યાં ગગન અમર વેમાન... ૮

# ઝુલાવું પ્યારા હિંડોળે

ઝુલાવું પ્યારા હિંડોળે,
ઝુલાવું પ્યારા... ટેક

હળવે હળવે ઝુલાવું હરિવર,
પ્રાણજીવન મારા... ૧

ગજરા બાજુબંધ હાર પહેરાવું,
ગૂંથી ગૂંથી સારા... ૨

નેણાં ભરીને નીરખું નટવર,
નેણુંના તારા... ૩

પ્રેમાનંદના નાથ હૈયાના,
હાર છો હજારા... ૪

# ઝૂલીયે રંગીલે લાલ

ઝૂલીયે રંગીલે લાલ,
રતન હિંડોરના... ટેક

રતનજડિત બન્યો રતન હિંડોરો,
રતન ડાંડી બહુ ઓરના... ઝૂલીયે ૧

રતનજડિત હૈ પટુલી બેલના,
રતન કે લટકત બોરના... ઝૂલીયે ૨

રતનજડિત કી ચોકી મનોહર,
રતનજડિત બાંધે તોરના... ઝૂલીયે ૩

પ્રેમાનંદ થકિત લખી શોભા,
ચિતવત ચંદ જ્યું ચકોરના... ઝૂલીયે ૪

# ઝૂલો ઝૂલો રે કેસરિયાવર

**દોહા**

સુંદર ઋતુ સોહામણી, ને આવ્યો શ્રાવણ માસ;
વીજલડી ચમકા કરે, વાદળ છાયો આકાશ. ૧

ઝરમર વરસે મેહુલો, ગરજે ગગન ઘનઘોર;
કોયલડી ટહુકા કરે, મુધરા બોલે મોર. ૨

શી કહું શોભા આજની, શોભે શ્રી ઘનશ્યામ;
અંગોઅંગ છબી નીરખતાં, લાજે કોટિક કામ. ૩

હીંડોળો સુંદર અતિ, શોભા કહી નવ જાય;
નીરખી સહુ નરનારીનાં, ચિતડાં રહ્યાં લોભાય. ૪

હુશ્યે હરિવર ઝૂલિયે, હીંડોળે બળવીર;
ઝરમર વરસે મેહુલો, ત્રિવિધ વહે સમીર. ૫

શોભા શ્રી ઘનશ્યામની, રસના કહી ન જાય;
રૂપ જોઇ રંગછેલનું, નેણાં તૃપ્ત ન થાય. ૬

વિબુધ વિમાને ચઢી ચઢી, જોવે આવી આકાશ;
હીંડોળે ઝૂલે હરિ, ઝુલાવે નિજ દાસ. ૭

**પદ**

ઝૂલો ઝૂલો રે કેસરિયાવર હિંડોરડે રે... ટેક

રતન હિંડોળે શ્યામ બિરાજે, આગે તાલ પખવાજ વાજે... ૧
ગુણીજન ગાયે સમાજે, તોડે તાનને રે,

ઝૂલે છેલ છબીલો છેલો, રસિયો રંગભીનો અલબેલો... ૨
હસતાં સામું હેરે, ચાવે પાનને રે,

વરસે શ્રાવણ માસ ફુવારા, મોર બપૈયા બોલે સારા... ૩
ગોપી સર્વે ગાયે, મધુરાં ગાનને રે,

નીરખી નટવરલાલ વિહારી, પ્રેમ મગન ફૂલી વ્રજનારી,
પ્રેમાનંદ બલિહારી ભીના વાનને રે... ૪

# દરશન આપો રે હવે દીનબંધુ

દરશન આપો રે, હવે દીનબંધુ કરુણા કરી... ટેક

વદનકમળ દેખાડો અલબેલડા,
હેરો અમૃત નજરે ભરી... દરશન ૧

દરશન વિના પળ જુગ સમ જાય છે,
દી રાત જાયે રોતાં હરિ... દરશન ૨

દરશન દાને કરી દુઃખડાં રે ટાળો,
દયાળુ દયા દિલમાં ધરી... દરશન ૩

પ્રેમાનંદ કહે જોઈ મુખ પંકજ,
લટકાં ઉપર હું જાઉં મરી... દરશન ૪

# ધન્ય દુર્ગપુર ધામ

ધન્ય દુર્ગપુર ધામ, સુંદર શોભે મહારાજનું જો,
પરમ પાવન અભિરામ, અખંડ રાજે જ્યાં શ્રીહરિ જો... ૧

ધન્ય ઉત્તમ દરબાર, ધન્ય ઓરડાની ઓસરી જો,
અક્ષર ઓરડી અનૂપ, પ્રીતે પોઢે ત્યાં શ્રીહરિ જો... ૨

ધન્ય નિંબ વૃક્ષ છાય, ઘોડી ફેરે હરિ ફરતા જો,
જન ત્રપત ન થાય, પ્રગટ નીરખી સુખ કંદને જો... ૩

ધન્ય ગંગા ઉન્મત્ત, નિત નહાયે હરિ નીરમાં જો,
સંગે મુનિ સમરથ, લઈ રમે હરિ તીરમાં જો... ૪

ધન્ય પુરની બજાર, ધન્ય લક્ષ્મીનો બાગ છે જો,
થઈને આવશે અસવાર, જાયે જીવન જોયા લાગ છે જો... ૫

ધન્ય આંબાની છાય, ધન્ય બેઠક બેસે શ્રીહરિ જો,
સંત કીર્તન ત્યાં ગાય, નીરખે નાથને નેણાં ભરી જો... ૬

કીધું અધિક ગઢપુર, સાત પુરી ચાર ધામથી જો,
પ્રેમાનંદ કે'જમ દુર, ભાગે ઘનશ્યામ નામથી જો... ૭

# ધન્ય ધન્ય આજ અનુપમ ઉત્સવ

ધન્ય ધન્ય આજ અનુપમ ઉત્સવ, ગાવે ગોકુલવાસી હો;
શ્રાવણ વદ આઠમ કી અધનિશિ, પ્રગટ ભયે અવિનાશી હો... ટેક

ઘર ઘર બાત સુની ગોકુલમેં, વ્રજ વનિતા ઊઠી ધાઈ હો;
કંચન થાર ભરે ગજ મોતીન, મંગલ ગાવતી આઈ હો... ૧

દધિ હરદી અંગ લેપન કિયે, દોરી પરસ્પર છાંટે હો;
નાચત ગાવત કરત કોલાહલ, હરખી બધાઈ બાંટે હો... ૨

આનંદ સિન્ધુ બઢ્યો નંદ દ્વારે, ભઈ હૈ ભીર નરનારી હો;
પ્રેમાનંદ હરિમુખ નિરખી તન મન ધન બલિહારી હો... ૩

# ધર્મકુંવર ઘનશ્યામજી મારા પ્રાણ

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણા આધાર;
નિમખ ન મેલું વેગળા, મારા હૈડાના હાર ટેક

જીવું છું જીવન જોઈને, નેણુંના શણગાર;
જીવત સુખ મારું માવ પર, વારું વારંવાર... ૧

રૂપ શીલ ઉદારતા, ગંભીર ગુણધામ;
મૂર્તિ તમારી માવજી, ભક્ત પૂરણકામ... ૨

ભાગ્ય મારાં શું રે વર્ણવું, કહ્યામાં નાવે;
મુનિવરને મોંઘા ઘણાં, તે ભેટ્યાં મુને ભાવે... ૩

અનેક જનમને આદરે, આંખડી આગે;
આ ઊભા અલબેલડો, પ્રેમાનંદ પાય લાગે... ૪

# ધર્મને લાલે મુને

ધર્મને લાલે મુને, હેતે બોલાવી,
એકાંતની વાત, મરમે સમજાવી રાજ... ધર્મને૦ **૧**

મૂળ માયાનાં બંધન, કાપવા આવ્યા,
ધામ ધામના વાસી, આદિ બોલાવ્યા રાજ... ધર્મને૦ **૨**

મૂળ અક્ષર પણ, શ્રી હરિ સંગે,
મુક્ત મંડળને વહાલો, લાવ્યા ઉમંગે રાજ... ધર્મને૦ **૩**

નવે ગ્રહમાં જેમ, ભાનુ વિના તમ,
દૂર ન થાય કરે, કોટિક કર્મ (શ્રમ) રાજ... ધર્મને૦ **૪**

પ્રેમાનંદનો સ્વામી, પ્રાણસનેહી,
બધ્ધ જીવોને વા'લે, કર્યા વિદેહી રાજ... ધર્મને૦ **૫**

# નમું કર જોડી, બુદ્ધિ છે થોડી

નમું કર જોડી, બુદ્ધિ છે થોડી રે,
શું ગાવું, પાર ન પાવું, મારા રાજ ૧
જોઈ કંબુ કંઠ, મદન અટંટ રે,
થયો દીન, પરમ પ્રવીણ, મારા રાજ ૨
વદન વિલોકી, ભક્ત જન શોખી રે,
જોઈ ફૂલ્યા, તન સુધ ભૂલ્યા, મારા રાજ ૩
ચંદ્રનો પ્રકાશ, શશી મુખ હાસ રે,
કુંદ કળી, દંતની આવળી, મારા રાજ ૪
અધર પ્રવાળ, રૂપની જાળ રે,
નાની રેખે, પ્રેમાનંદ દેખે, મારા રાજ ૫

# નાથ રહો મારા નેણમાં

નાથ રહો મારા નેણમાં, હરિ આવા ને આવા;
તન મન જાઉં વારણે, તમ ઉપર માવા ટેક

રાખીશ જતને જીવમાં, નહિ દઉં જાવા;
દુર્લભ ઘણા છે રાજનાં, દરશન દેવને થાવા... ૧

સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણાં;
વહાલા લાગે છે મુખના, મીઠાં મીઠાં વેણાં... ૨

આંખલડી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિ આનંદ સુખ ઉપજે, તમને જ્યારે દેખું... ૩

નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ... ૪

# નિત નિત નૌતમ રે

નિત નિત નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧

સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે. ૨

ક્યારેક ઘોડલે [ઘોડે] રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩

ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪

પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ. ૫

ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬

શ્રધ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭

પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે. ૮

ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી. ૯

કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે. ૧૦

# નીરખી નૌતમ નાથને

નીરખી નૌતમ નાથને નેણાં ઠરિયાં,
રસિયો રૂપનિધાન, નેણાં ઠરિયાં,
શોભે ગોઠીડાના સાથમા, નેણાં ઠરિયા,
ભૂધરે ભીણલે વાન રે, નેણાં ઠરિયાં,

માથડે મોળિયું હેમનું, ને કેસર તિલક ભાલ,
હસવું ભરેલ પ્રમનું, ને જોયા જેવી ચાલ,
નીરખી નૌતમ... **૧**

કલંગી બીરાજે વાંકડી, ને બાંધણી આંટાદાર,
આંખલડી કમળ કેરી પાંખડી, ને કુંડલ મકરાકાર,
નીરખી નૌતમ... **૨**

નાસા નમણી શોભતી, ને ભ્રુકુટી કામ કબાણ,
ચિતવણી ચિત્ત લોભતી, વરું વદન પર પ્રાણ,
નીરખી નૌતમ... **૩**

મૂર્તિ સદા સુખકંદની, ઉરમાં રહો રંગરેલ,
વિનંતી પ્રેમાનંદની, તમે સાંભળજો રંગછેલ,
નીરખી નૌતમ... **૪**

# પ્રાણી શ્વાસોચ્છ્વાસે સ્વામીને

પ્રાણી શ્વાસોચ્છ્વાસે સ્વામીને સંભારીએ રે;
હો સંભારીએ રે, ઘડીયે ન વિસારીએ રે... ટેક

ખાતાં પીતાં હરતાં ફરતાં, કરતાં ઘરનું કામ;
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, મુખે રટીએ નામ... પ્રાણી ૧

ધન જોબન ને આવરદાનો, ના કરીએ નિરધાર;
વીજળીના ઝબકારાની પેઠે, જાતાં ન લાગે વાર... પ્રાણી ૨

સ્વામિનારાયણ ભજતાં પ્રાણી, થાશે મોટું સુખ;
લખ ચોરાશીના ફેરા મટશે, જમપુરીનાં દુઃખ... પ્રાણી ૩

પ્રગટ હરિનું ભજન કરીને, ઊતરો ભવજળ પાર;
પ્રેમાનંદ કહે નહિ માનો તો, ખાશો જમનો માર... પ્રાણી ૪

# પ્રાણી સ્વામિનારાયણ દેવ

પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય સ્વરૂપ છે રે;
સત્ય સ્વરૂપ છે રે, સુર મુનિના ભૂપ છે રે... ટેક

નેતિ નેતિ કરી નિગમ ગાયે, ઉપનિષદનો સાર;
કાળ માયાદિક સૌના પ્રેરક, અક્ષરના આધાર... પ્રાણી ૧

બ્રહ્મમહોલના વાસી રે, પ્રભુ સદા દિવ્ય (દિવ્ય સ્વરૂપ) સાકાર;
અક્ષરાદિક મુક્ત કોટિ, સેવે કરી અતિ પ્યાર... પ્રાણી ૨

નિજ ઇચ્છાએ નરતનું ધારી, પ્રગટ્યા શ્રી મહારાજ;
ભતરખંડના ભાવિક જનને, ઉદ્ધારવાને કાજ... પ્રાણી ૩

સત્ય કહું છું સમ ખાઈને, ખોટી નથી લગાર;
પ્રેમાનંદ કહે ભજો ભાઈઓ, થાશો ભવજળ પાર... પ્રાણી ૪

# પ્રાણી સ્વામિનારાયણ સમર્થ

પ્રાણી સ્વામિનારાયણ સમર્થ શ્રી ભગવાન છે રે;
શ્રી ભગવાન છે રે, કૃપાના નિધાન છે રે... ટેક

અધમોધ્ધારણ દીનના બંધુ, શરણાગત પ્રતિપાળ;
સ્વામિનારાયણ નામ લે તેને, પાસે ન આવે કાળ... પ્રાણી ૧

શ્રી પુરુષોત્તમ પ્રગટ્યા પોતે, અનાથના એ નાથ;
આ અવસરે કોઈ નહિ માને તો, પસ્તાઈ ઘસશે હાથ... પ્રાણી ૨

જંત્ર નથી કશો જાદુ નથી ભાઈ, નથી મત ને પંથ;
જાણી જોઈને દયા કરી છે, ઉધ્ધારવાને જંત... પ્રાણી ૩

ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત;
પ્રેમાનંદ કહે નહિ માને તો, પછે થાશે ફજીત... પ્રાણી ૪

# પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈએ રે;
ગાઈએ રે, દુરિજનથી લેશ ન લજાઈએ રે... ટેક

સ્વામિનારાયણ મહામંત્ર છે, પ્રગટ હરિનું નામ;
આ અવસરે જે કોઈ લેશે, તેનાં સરશે કામ... પ્રાણી ૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઊંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય... પ્રાણી ૨

સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ... પ્રાણી ૩

સ્વામિનારાયણ સુમરીએ પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈને, તેના ઉરમાં રહે મહારાજ... પ્રાણી ૪

# મંગળમૂળ મહારાજનાં ચરણ

મંગળમૂળ મહારાજનાં ચરણ છે,
ચિંતવતા ચિત્તમાં શાંતિ થાયે;
કામ ને ક્રોધ મદ લોભ વ્યાપે નહિ,
ઉર થકી સરવ અજ્ઞાન જાયે... **૧**

જુગલ પદતળ વિષે ષોડશ ચિહ્ન છે,
નામ તેના હવે કહું વિચારી;
સ્વસ્તિ જવ જંબુ ધ્વજ અંકુશ અંબુજ,
અષ્ટકુણ વજ્ર ઊર્ધ્વરેખ પ્યારી... **૨**

નવ ચિહ્ન ધારવાં જમણા તે ચરણમાં,
વામ પદમાં બીજાં સાત શોભે;
મીન ત્રિકોણને વ્યોમ ગોપદ કળશ,
અર્ધચંદ્ર ધનુષ ચિત્ત લોભે... **૩**

જમણા તે ચરણની આંગળી છેલીએ,
તિલ એક અનુપમ આનંદકારી;
પાનિયું સુંદર ઘૂંટી પિંડી પર,
પ્રેમાનંદ તન મન જાય વારી... **૪**

# મન વસિયો રે મારે

મન વસિયો રે મારે મન વસિયો
સહજાનંદ મારે મન વસિયો... ટેક

છેલ છોગાળો વ્હાલો અતિ મરમાળો
રંગભીનો રસનો રસિયો રે... **૧**

હળવેશું વ્હાલો હેત કરીને
મુજ સામું જોઈને હસિયો રે... **૨**

કસુંબલ પાઘ કેસરનો ભીનો
પીતાંબર કમરે કસિયો રે... **૩**

પ્રેમાનંદનો નાથ છબીલો
સોળે કળા પૂરણ શશિયો રે... **૪**

# મનડું મૂર્તિમાં વળગી રહ્યું

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે,
ચિંતવન કરવા ચિત્ત આતૂર;
તરુણ મનોહર મૂર્તિ નાથની રે,
રાજીવ લોચન જોબનપૂર... મનડું **૧**

સોળે ચિહ્ન સહિત અતિ શોભતી રે,
સુંદર ચરણકમળની જોડ;
હળવી રહીને હેતે ચાંપતી રે,
ક્યારે હવે પૂરશે મનના કોડ... મનડું **૨**

પિંડી જાનુ નિત્ય નીરખતી રે,
રૂડા સાથળ ચિહ્ન સહીત;
શ્યામ કટિ જોઈ જાદવરાયની રે,
નિત નિત નૌતમ ઉપજે પ્રીત... મનડું **૩**

ઊંડી નાભિ કમળ સરીખડી રે,
ત્રિવળી નીરખી ઉદરમાંય;
છાતી ઉપડતી અતિ ઓપતી રે,
હવે ક્યારે ભુજ ગ્રહી બાથ ભરાય... મનડું **૪**

મુખની શોભા જોઈ મહારાજની રે,
લાજે પંકજ પૂરણચંદ;
નાસા નેણ ભ્રુહ જોઈ ભાલને રે,
જાય બલિહારી પ્રેમાનંદ... મનડું **૫**

# મારા નીરખીને નેણાં લોભાણાં રે

મારા નીરખીને નેણાં લોભાણાં રે,
છેલા છોગાળાં;
અમે હરિવરને હાથે વેચાણાં રે,
વ્હાલો લાગે મરમાળા... ટેક

હે... સોને હિંડોળો મારો શ્યામ બિરાજે,

ઝૂલે હરિ જમુના તીરે;
રેશમ દોરી લઈ રંગભીની રાધા,
ઝુલાવે ધીરે ધીરે... ૧

હે... કોઈ નાચે ને કોઈ મૃદંગ બજાવે,

કોઈ સખી રાગ આલાપે;
કોઈ અલબેલી મારા હરિના મુખમાં,
(પાન) બીડી બનાવી આપે... ૨

હે... વ્રજવનિતા વિઠ્ઠલસંગ વિલસે,

પિયુને પ્રેમે ઝુલાવે;
પ્રેમાનંદ નાથને નીરખી,
તનના તાપ શમાવે... ૩

# મારો નવલ સનેહી ઝૂલે નાથ

મારો નવલ સનેહી ઝૂલે નાથ રે, નૌતમ હિંડોળે;
મારું મનડું લોભાણું એની સાથ રે, ફૂલતણે તોરે... ટેક

ફૂલ તણી શિર પાઘ મનોહર, વાઘો તે ફૂલાં કેરો રે;
અંગ અંગ પ્રતિ ફૂલ આભૂષણ, જોઇને મટે ભવ ફેરો રે... મારો ૧

ફૂલી કુંજ કુંજ દ્રુમ વેલી, ચંપા જાઈ ચમેલી રે;
મધુકર ગુંજે મદન ભર્યા, બહુ થઈ છે આનંદ હેલી રે... મારો ૨

વરસે દેવ કુસુમની વરખા, નૃત્ય કરે બહુ ગાયે રે;
પ્રેમાનંદના નાથને નીરખી, આનંદ ઉર ન સમાયે રે... મારો ૩

# મુને મળિયા રે સહજાનંદ સ્વામી

મુને મળિયા રે, સહજાનંદ સ્વામી,
મારા જનમ સંગાથી અંતર જામી... ટેક

માથે લીધું રે મે'ણું હું થઈ ચાવી,
હું તો સહજાનંદ સ્વામીની કહાવી... ૧

મારી ઝાલી રે બાંહલડી નાથે,
હું તો વેચાણી સ્વામીને હાથે... ૨

મારા સર્વે રે કારજડાં સરિયાં,
રંગભીનો સહજાનંદજી વરિયા... ૩

પ્રેમાનંદના રે સ્વામી નારાયણ,
મને કીધી વહાલેજી પ્રભુ પારાયણ... ૪

# રંગનો ભીનો રે જોઈ

રંગનો ભીનો રે જોઈ,
હરિનાં જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે કેવા,
નીરખી મનમાં રાખ્યા જેવા.. **૧**

ગોળ છે જાડા રે સ્વરૂપે,
ઉપમા કદળી થંભની ઓપે;
શોભિત શોભા રે ધામ,
વ્રજવનિતાના પૂરણકામ.. **૨**

સુંદર શોભે રે જાનુ,
નીરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલને રે નીરખી,
ચંદન ચરચી મનમાં હરખી.. **૩**

ઘૂંટી અનુપમ રે પાની,
નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી,
પૂજી પ્રેમસખી બલિહારી.. **૪**

# રંગભીના રસીલી તારી

રંગભીના રસીલી તારી આંખલડી
 મારા મનને કીધું છે ગુલતાન રે કહાન
 રસિયા રસીલી તારી આંખલડી... ટેક

જાણે શરદ કમળ કેરી પાંખલડી,
 માંહી રેખા રાતી ગુણવાન રે કહાન,
કામણગારી રસાળી કાળી પુતળી,
 એ તો સામ દામ દંડ ગુણ ખાણ રે કહાન... મારા. **૧**

તારાં નેણાં જોઈને મોટા છત્રપતિ,
 તજી ભોગને ફરે છે રાનોરાન રે કહાન,
જોઉં તારાં નેણાં નિરંતર નાથજી,
 પ્રેમાનંદને આપો એ દાન રે કહાન... મારા **૨**

# રાજ હું બનાવીને આપું

રાજ હું બનાવીને
આપું છું બીડી પાનની... ટેક

નાગરવેલીનાં પાન મનોહર,
પાકાં પાકાં જોઇને આખાં લાવી રે... રાજ. **૧**

કાથો ચૂનો ને લવિંગ એલાયચી,
વાંકડી સોપારી કતરાવી રે... રાજ. **૨**

પ્રીત કરીને સુંદર બીડી મેં વાળી,
મુખમાં મેલું પાસે આવી રે... રાજ. **૩**

પ્રેમાનંદને કૃપા કરીને,
મુખતંબોળ આલો ચાવી રે... રાજ. **૪**

# રાય રે જીવન તારું

રાય રે જીવન તારું શે'ર અતિ સાંકડું રે,
 મારા હરિવરની હાથીડા ન માય રે,
  અક્ષરપતિ આવિયા રે... ટેક

રાય રે જીવન તારી બજાર્યું બહુ સાંકડી રે,
 રથ પાલખીને સાંકડ બહુ થાય રે... અક્ષરપતિ. **૧**

રાય રે જીવન તારી શેરી બહુ સાંકડી રે,
 મારા હરિવરના જાનૈયા ન માય રે... અક્ષરપતિ. **૨**

રાય રે જીવન તારી મેડી બહુ સાંકડી રે,
 મેડિયે અમર વેમાન અટકય રે... અક્ષરપતિ. **૩**

રાય રે જીવન તારો માંડવો બહુ સાંકડો રે,
 મારા હરિવરની જાનરડી ન માય રે... અક્ષરપતિ. **૪**

રાય રે જીવન તારે આંગણિયે ઊભા રહ્યા રે,
 ત્રિભોવનપતિ પરબ્રહ્મરાય રે... અક્ષરપતિ. **૫**

રાય રે નીરખીને નેણાં શીતળ થયાં રે,
 તન મન પ્રેમાનંદ વારી જાય રે... અક્ષરપતિ. **૬**

# રૂડા શોભે રે

રૂડા શોભે રે, નાહીને ઊભા હોયે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. **૧**

પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી. **૨**

ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે;
આવે જમવા રે, ચાખડિયે ચઢી ચાલે. **૩**

માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. **૪**

જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી. **૫**

જમણા પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ. **૬**

રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. **૭**

જણસ સ્વાદુ રે, જણાયે જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતાં. **૮**

તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. **૯**

ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદના નાથ. **૧૦**

# રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે

રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે,
કહું છું સર્વે સાંભળો એક ચીતે... રે પુરુષોત્તમ.. ટેક

રે સત્ય કહું છું નરનારી,
રે જેમ છે તેમ કહું વિસ્તારી;
એમાં ખોટી ન મળે લગારી... રે પુરુષોત્તમ.. **૧**

રે સમજાવું કહી દ્રષ્ટાંતે,
રે જથારથ હોયે તેમ કહું ખાંતે;
મારું રૂપ જેમ છે તેમ ભાંતે... રે પુરુષોત્તમ.. **૨**

રે પક્ષી ઊડે જેમ આકાશે,
રે દેહ સહિત બોલે હાસે;
અનંત એવા જાયે આવે ભાસે... રે પુરુષોત્તમ.. **૩**

રે વાદળ વીજળી ને વારિ,
રે વાયુઘટા શોભે સારી;
સૌની આકૃતિ ન્યારી ન્યારી... રે પુરુષોત્તમ.. **૪**

રે શૂન્યમાંહી સહુ સમાવે,
રે હિમે તે જેમ નીર જમાવે;
વા'લો પ્રેમસખીનો સમજાવે.... રે પુરુષોત્તમ.. **૫**

# રે સુંદરવર બોલ્યા શ્યામ

રે સુંદરવર બોલ્યા શ્યામ, કહે છે વા'લો પોતાનું ધામ... રે સુંદર ટેક

રે ભિન્નભિન્ન આકાશ રચાયે, રે જુજવો શબ્દ તેમાં થાયે;
તેમ જ સહુમાં વેદ મુને ગાયે... રે સુંદર ૧

રે અક્ષર શક્તિ ઘણી સારી, રે બ્રહ્માંડ પ્રત્યે ન્યારી ન્યારી;
તેમાં સહુ મૂર્તિઓ મારી... રે સુંદર ૨

રે અક્ષર અનંત કળા ધારે, રે અગણિત રૂપ થાઉં ત્યારે;
મુને જીવ પામે એણે દ્વારે [આરે]... રે સુંદર ૩

રે અક્ષર કોટિનો હું સ્વામી, રે મુજમાં રહે સહુ લય પામી;
શોભું સદા એક રૂપ ધામી... રે સુંદર ૪

રે સતસંગી સહુ નર નારી, તમ અરથે આજે દેહ ધારી;
પ્રેમસખી જાયે બલિહારી... રે સુંદર ૫

# રે સ્નેહ વશ થઇ શામળિયો

રે સ્નેહ વશ થઇ શામળિયો,
કહે છે પ્રાણજીવન પાતળિયો... રે સ્નેહ.. ટેક

રે રચના બ્રહ્માંડુંની રચાયે,
રે સગુણ સ્વરૂપ અક્ષર થાયે;
જેને વેદ જય જયકારી ગાયે... રે સ્નેહ.. ૧

રે મહા વિષ્ણુ આદિ અનંત કોટી,
રે ધરી દેહ મહાકૃતિ મોટી;
રહે અક્ષર રોમમાંહી લોટી... રે સ્નેહ.. ૨

રે એમાં રહે સહુ લય પામી,
રે અક્ષર અનંત કળા(ના) સ્વામી;
કા'વે પોતે નિર્ગુણ બહુ નામી... રે સ્નેહ.. ૩

રે જેમ અક્ષરમાં હું રહું છું,
રે તે સમજાવીને કહું છું;
સુણો એક દ્રષ્ટાંત દઉં છું... રે સ્નેહ.. ૪

રે શબ્દ બોલે નભમાં રહીને,
રે એક અનેક રૂપે થઇને;
સમજાવે વા'લો પ્રેમસખીનો કહીને... રે સ્નેહ.. ૫

# રે હેત કરી કહે છે રસિયો

રે હેત કરી કહે છે રસિયો,
વહાલો મારો રુદિયામાં વસિયો રે... હેત
ટેક

રે અક્ષર આકાશ ઠેકાણે,
રે માયા મહા શૂન્ય પરમાણે;
મુક્ત કોટિ વીજળિયું જાણે... રે હેત ૧

રે પક્ષી તે અનંત પુરુષ લેખો,
રે અષ્ટાવરણ દેહને દેખો;
મહાવિષ્ણુ વાદળિયાં પેખો... રે હેત ૨

રે સ્થિર ને અસ્થિર ગતિયું રહે છે,
રે કાળ શક્તિ તેને કહે છે;
બુધ્દ્ધિવંત સમજીને લહે છે... રે હેત ૩

રે નિર્ગુણ સગુણ સમજી લેતાં,
રે તે સરવે અક્ષરને કે'તાં;
સ્વતંતર પોતે સદા રહેતાં... રે હેત ૪

રે કાળે માયા ક્ષોભને પામે,
રે અનંત બ્રહ્માંડ થાએ તામે;
એમ કહ્યું પ્રેમસખીને શ્યામે... રે હેત ૫

# વા'લાજીનું વદન નિહારું

વે'લેરી ઊઠીને વા'લાજીનું વદન નિહારું,
　　જોઈને કમળમુખ દુઃખ દૂર વિસારું રે ટેક

વદન વા'લાજીનું અતિ સુખકારી,
　　નીરખી નીરખી જાઉં હું તો સરવસ્વ વારી રે... ૧

મુખડું જોયા વિના પાણીયે ન પીવું,
　　પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું રે... ૨

પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે,
　　જૂઠો રે સંસારિયો સર્વે ત્યાગ કર્યો છે રે... ૩

પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યાં છે,
　　સંસારિયાં સઉ બળતામેં દાઝે રે... ૪

# હાં રે મેં તો જોયા ચતુર નંદલાલ

હાં રે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ;
હાં રે કર્યાં તિલક કેસર કેરાં ભાલ રે, સુંદરવર હરિએ... ટેક

શ્વેત પાઘ શિર ઉપર શોભે,
હાં રે જોઈ છોગલિયાં ચિત્ત લોભે રે... ઊભા ૧

શ્વેત હાર પહેર્યા ઉર પર કાજુ,
હાં રે બાંધ્યા શ્વેત ફૂલોના બાજૂ રે... ઊભા ૨

શ્વેતાંબર સરવે અંગે બિરાજે,
હાં રે જોઈ કોટિક કામ છબી લાજે રે... ઊભા ૩

પ્રેમાનંદ કહે પલવટ વાળી,
હાં રે ચડતા ઘોડલડે વનમાળી રે... ઊભા ૪

# હાં રે સખી ના'વા પધારે મહારાજ

હાં રે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન જમુના મેં;
સાથ લીધો છે સરવે સમાજ રે, વ્રજને વિસામે... ટેક

હળવા રે હળવા વા'લો હાલે બજારે,
હાં રે ઊભાં નગરવાસી પ્રાણ વારે રે... જીવન ૧

છત્ર ચમર શિર ઉપર રાજે,
હાં રે આગે અગણિત વાજાં વાજે રે... જીવન ૨

ઊતર્યા ગોવિંદ જમુના મેં ના'વા,
હાં રે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવા રે... જીવન ૩

ગિરિધર નહાય ને ગોપિયું ગાયે,
હાં રે જોઈ પ્રેમાનંદ વારી જાયે રે... જીવન ૪

# હાં રે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર

હાં રે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જી હો,
જોઈને જીવું છું સુંદર મૂર્તિ રે...

હાં રે મારા નેણાં તણો શણગાર છે જી હો,
અળગો ન મેલું હવે ઉરથી રે,

હાં રે મારું ચિત્તડું ચોરાણું એની ચાલમાં,
હાં રે હું તો વશ થઈ છું એના વ્હાલમા જી હો... ૧

હાં રે મારા ઉરમા ખૂંટ્યો છે છેડો પાઘનો,
હાં રે કાંઈ પાર નહી મારા ભાગ્યનો જી હો... ૨

હાં રે હું તો દાસી છું કૃપાનિધાનની,
હાં રે મને ચાવીને આપી છે બીડી પાનની જી હો... ૩

હાં રે દયા હેતનો ભર્યો છે અલબેલો,
હાં રે પ્રેમાનંદનો વહાલો રંગ છેલડો જી હો... ૪

# હાલરો હુલરાવતી મૈયા

હાલરો હુલરાવતી મૈયા,
ખમા ખમા કહી લેતી બલૈયા... ટેક

પ્રેમવતી અતિ હરખિત હૈયા,
પુત્રસ્નેહકી જાત ન કૈયા... ૧

નિજ સુત બદન નિરખી હુલસૈયા,
વારતિ હરિ પર લોન રુરૈયા... ૨

સુત પર વારિ નોછાવરિ દૈયા,
બાઢતિ બાર બાર આનંદ વધૈયા... ૩

ધર્મકુંવર છબિ ઉરમહિ છૈયા,
પ્રેમાનંદ નિરખી બલજૈયા... ૪

# હિંડોરનામેં હોરે હોરે ઝૂલો

હિંડોરનામેં હોરે હોરે ઝૂલો રાજ... ટેક
છેલ ઝુલાવું રત્ન હિંડોરે, સુફલ કરું સબ કાજ... હિંડોરનામેં ૧

ઝરમર ઝરમર મેહા વરસે, ગરજે ગગન ઘન ગાજ;
દાદુર મોર બપૈયા બોલત, આનંદ છાયો આજ... હિંડોરનામેં ૨

તુમ ઝૂલો હું ગાવું હિંડોરા, કરી કે સુભગ સમાજ;
થેઈ તાતા થેઈ તાતા તાન મિલાવું, બાજત તાલ પખાજ... હિંડોરનામેં ૩

યહ છબિ નિરખી નાથ તુમા'રી, મદન ભયો હતલાજ;
અક્ષરનાથ રહો નૈનનમેં, પ્રેમાનંદ શિરતાજ... હિંડોરનામેં ૪

# હું તો ઘેલડી ડોલું રે

કહાન તમારે કારણે હું તો ઘેલડી ડોલું રે,
ઘેલડી ડોલું રે તમ વિના બીજું ન બોલું રે... ટેક

લોકડિયાની લાજ મેલી સંસારથી તોડી રે,
મન કર્મ વચને માવજી તમ સાથે જોડી રે... કહાન ૧

બીક મેં તો સંસારની સર્વે કાઢી બારી રે,
રાજીવલોચન રસિયા થઈ રહી તમારી રે... કહાન ૨

તમે મારા હું તમારી દુરિજન જાણે રે,
પ્રીતમ વાતું પ્રીતની નવ મળે નાણે રે... કહાન ૩

રાજી રહેજો રસિયા કે'વું ઘટે તે કહેજો રે,
પ્રેમાનંદના નાથજી દરશન દેજો રે... કહાન ૪

# હો સાથીડા મેરો નેહ નિભાવના

હો સાથીડા મેરો નેહ નિભાવના.... ટેક

મૈં હૂં કપટી કુશીલ કુટિલની,
દોષ પિયાજી મેરો દિલઉ ન લાવના... હો ૧

બિખમ ઉજારમેં હૂં તો અકેલી,
તુમ બિન ઔર શરન નહિં પાવના... હો ૨

અવગુન જાની તજો પિયા મો'બત,
કોટિ કલ્પ મેરો અંતઉ ન આવના... હો ૩

પ્રેમસખી શરન તુમ સમરથ,
પતિતપાવન તેરો નામ ન લજાવના... હો ૪